ગુજરાત સમાચાર, પાના નંબર,- ૦૫.
તારીખ :- ૧૦/૦૩/૨૦૨૬.

### કુલ ૨૧ હજાર મુસાફરે પેપર ટિકિટ લીધી

# ટી૨૦ વર્લ્ડકપ ફાઈનલ : મેટ્રોમાં ૧.૬૧ લાખ મુસાફરો નોંધાયા

અમદાવાદ,સોમવાર

અમદાવાદ ખાતે યોજાયેલી ટ્વેન્ટી૨૦ વર્લ્ડકપ ફાઈનલમાં મેટ્રો ટ્રેનમાં ૧.૬૧ લાખ મુસાફરો નોંધાયા છે. અલબત્ત, વર્લ્ડકપ ફાઈનલની સરખામણીએ ભારત અને નેધરલેન્ડ્સ વચ્ચે રમાયેલી લીગ રાઉન્ડની મેચમાં સૌથી વધુ ૨.૨૬ લાખ મુસાફરો નોંધાયા હતા.

## અમદાવાદ ખાતે વર્લ્ડકપની ૬ મેચ દરમિયાન મેટ્રોમાં કુલ ૧૧.૨૬ લાખ મુસાફરોની અવર-જવર

વર્લ્ડકપ ફાઈનલની સરખામણીએ લીગ રાઉન્ડમાં વધુ મુસાફરોની અવર-જવરને મામલે સૂત્રોએ જણાવ્યું કે રવિવારના દિવસે મેટ્રોમાં મુસાફરોની સંખ્યા સામાન્ય રીતે ખૂબ ઓછી હોય છે. વર્લ્ડકપમાં ભારત-નેધરલેન્ડ્સની મેચ ચાલુ દિવસે હતી, જેના કારણે મુસાફરોની સંખ્યામાં વધારો નોંધાયો હતો. ટ્વેન્ટી૨૦ વર્લ્ડકપની ૬ મેચમાં મેટ્રોમાં કુલ ૧૧.૨૬ લાખ મુસાફરોની અવર-જવર નોંધાઈ હતી.

### ટ્વેન્ટી૨૦ વર્લ્ડકપમાં મેટ્રોમાં નોંધાયેલા મુસાફરો

| મેચ | પેપર ટિકિટ | કુલ મુસાફરો |
|---|---|---|
| દ.આફ્રિકા વિ. કેનેડા | ૧૮૭૮ | ૧,૭૪,૮૩૯ |
| ન્યૂઝી. વિ. દ.આફ્રિકા | ૧૫,૮૩૯ | ૨,૦૪,૩૨૫ |
| ભારત વિ. નેધર. | ૧૫,૮૮૮ | ૨,૨૧,૦૪૬ |
| ભારત વિ. દ.આ. | ૧૭,૩૩૫ | ૧,૭૦,૭૮૮ |
| વિન્ડિઝ વિ. દ.આ. | ૧,૮૮૦ | ૧,૯૩,૧૬૨ |
| ભારત વિ. ન્યૂઝી. | ૨૦,૯૧૬ | ૧,૬૧,૯૫૯ |